રાજ્યમાં વિવિધ પોલીસ સંવર્ગની ૨૭૮૪૭ જગ્યાઓ ભરાશે : હર્ષ સંઘવી

ભરતીનું આયોજન આગામી ૧૦૦ દિવસમાં કરાશે : ટૂંકા સમયગાળામાં ભરતી પ્રક્રિયાનું આયોજન કરી યુવાઓને રોજગારી આપવા રાજ્ય સરકાર હંમેશાં કટિબદ્ધ છે

ગાંધીનગર,તા.૪

રાજ્યમાં કોરોના વાયરસની મહામારીના કારણે પેન્ડિંગ રહેલી પોલીસ વિભાગની ભરતીની કાર્યવાહી ઝડપથી થાય અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સારી બને તે હેતુથી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા રાજ્યના ગૃહ વિભાગ હસ્તક વિવિધ પોલીસ સંવર્ગની ૨૭,૮૪૭ જગ્યાઓ ભરવાનો મહત્વનો નિર્ણય કરાયો છે તેવું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૃહમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ ટૂંકા સમયગાળામાં ભરતી બોર્ડના અધ્યક્ષ સાથે બેઠક યોજીને વિસ્તૃત સમીક્ષા કરી હતી અને ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માટે તમામ ભરતી બોર્ડના અધ્યક્ષને જરૂરી આદેશ કર્યા છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં બિન-હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર, હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (પ્લાટૂન કમાન્ડર), ઈન્ટેલિજન્સ ઓફિસર, બિન-હથિયારી અસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર, લોકરક્ષક તથા મોટર ટ્રાન્સપોર્ટ અને વાયરલેસ જેવા ટેક્નિકલ સંવર્ગોના પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને ટેક્નિકલ ઓપરેટર તથા હોમગાર્ડસ અને ગ્રામ રક્ષક દળ (માનદ)ની મળીને અંદાજીત ૨૭,૮૪૭ જગ્યાઓ માટે ભરતીનું આયોજન આગામી ૧૦૦ દિવસમાં કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના શિક્ષિત યુવાઓને રોજગારી પ્રાપ્ત થાય તે માટે રોજગારીની નવી તકો ઉપલબ્ધ બનાવીને ખૂબ જ ટૂંકા સમયગાળામાં ભરતી પ્રક્રિયાનું આયોજન કરીને યુવાઓને રોજગારી આપવા રાજ્ય સરકાર હંમેશાં કટિબદ્ધ છે.

આ નિર્ણયના ફળસ્વરૂપે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સારી બનશે તેમજ આ ભરતીને લીધે પોલીસદળમાં વધુ સંખ્યામાં કર્મચારીઓ ઉપ્લબ્ધ થતા ગુજરાતના નાગરિકોને વધુ સારી પોલીસ સેવા પ્રાપ્ત થશે અને રાજ્યની સુરક્ષામાં વધારો કરવા માટેના રાજ્ય સરકારના પગલાઓ વધુ યોગ્ય બનશે તેમ જણાવ્યું હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૃહમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ ટૂંકા સમયગાળામાં તારીખ ૧૯-૯-૨૦૨૧ને રવિવારના રજાના દિવસે ભરતી બોર્ડના અધ્યક્ષ સાથે બેઠક યોજીને વિસ્તૃત સમીક્ષા કરી હતી અને ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માટે તમામ ભરતી બોર્ડના અધ્યક્ષને જરૂરી આદેશો કર્યા છે.

શહેરના ચ માર્ગ સેકટર-૧ ના વળાંક પાસે આજે અજીબો ગરીબ અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પરના આગળ અને પાછળના ભાગે બે ગાડીઓ અથડાતા ગાડીઓને ભારે નુકશાન થયું હતું. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો સ્થળ પર દોડી આવ્યા હતા. ડમ્પર માર્ગ પર ખાડા પુરવાની કામગીરી કરી રહ્યું હોય તેમ લાગી રહ્યું હતું. આ દરમિયાન સ્વીફટ અને હોન્ડા સીટી કાર તેની સાથે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. હજુ સમજાતું નથી કે કેવી રીતે આ અકસ્માત સર્જાયો હશે. આવું લોકજીભે ચર્ચાય છે કે અકસ્માત થવાની કોઈ જ શક્યતા ન હોવા છતાં અકસ્માત થતાં ભારે કુતૂહલ સર્જાયું હતું.

ગાંધીનગર શાળાકીય અંડર-૧૯, અન્ય તથા વિવિધ રમત સ્પર્ધામાં ભાગ લેવા જોગ

ગાંધીનગર, તા. ૪

ભારતના સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા જિલ્લામાં શહેર- ગ્રામ્યકક્ષાએ શાળાકીય અંડર- ૧૯, અન્ય તથા વિવિધ રમત સ્પર્ધા માટે તાલુકા-જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૮ થી ૧૪ મી ઓકટોબર, ૨૦૨૧ દરમ્યાન યોજાશે.

જેમાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓ-ખેલાડી ભાઈ-બહેનોએ નિયત નમૂનાનું પ્રવેશપત્ર સંબંધિત રમત સ્પર્ધાના કન્વીનર પાસેથી મેળવી સંપૂર્ણ વિગત સાથે રમત સ્પર્ધાના કન્વિનરને મોકલી આપવાનું રહેશે. વધુ માહિતી માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારી મહેશ ચૌધરીએ જણાવ્યું છે.

ગાંધીનગરના જાણીતા ઔદ્યોગિક ગૃપ કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશના ચેરમેન મોફતરાજ મુનોતના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સોમવારે રક્તદાન શિબિર કર્મચારીઓ દ્વારા યોજાઈ હતી. પોતાની કંપનીના ચેરમેનનો જન્મદિવસ અનોખી રીતે ઉજવીને નવો ચીલો ચાતર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના પ્રેસિડેન્ટ કમલકિશોર જૈને આ ઉમદા હેતુ માટે સૌ રક્તદાતાઓનું સ્વાગત કરી આભાર પ્રગટ કર્યો હતો તથા મોફતરાજ મુનોતને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. શ્રદ્ધાદીપ બ્લડ બેંકના મહેન્દ્રભાઈ ગજજર અને તેમની ટીમે રક્તદાન શિબિર માટે ભારે સહયોગ પૂરો પાડ્યો હતો.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'સરદાર પટેલ' વિષય પર રાજ્યકક્ષાની ઓનલાઈન ચિત્રકલા સ્પર્ધા યોજાશે

આગામી તા.૧૧ થી ૧૫ ઓક્ટોબર સુધી કૃતિ રજૂ કરવાની રહેશે

ગાંધીનગર, તા. ૪

રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે "સરદાર વલ્લભભાઈ પટેલ" વિષય પર ઓનલાઈન ચિત્ર સ્પર્ધા યોજવામાં આવશે.

જેમાં ગુજરાતના વતની એવા ૧૮ થી ઉપ વર્ષની ઉમરના કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધકે "સરદાર વલ્લભભાઈ પટેલ" વિષય પર પોતાની કૃત્તિ તૈયાર કરી આ કચેરી દ્વારા નિયત કરવામાં આવેલ ફોર્મમાં જરૂરી વિગતો ભરીને તા.૧૧ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૧ દરમિયાન સવારે ૧૨.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધીમાં જે.પી.જી. ફોર્મેટમાં gslka.saradarpatel@gmail.com એડ્રેસ પર ફોર્મ તથા કૃત્તિ ઈ-મેઈલ દ્વારા રજુ કરવાની રહેશે.

ભાગ લેનાર સ્પર્ધક મહત્તમ એક(૧) કૃત્તિ રજૂ કરી શકશે. સંસ્થાને મળેલી કૃત્તિઓનું ગૌરવ પુરસ્કૃત તથા નામાંકીત કલાકારો પાસે જજીંગ કરાવીને તેમાંથી ૩ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૧૦,૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ.૭,૦૦૦/- તથા તૃતીય વિજેતાને રૂ. ૫,૦૦૦/- એમ ત્રણ ઈનામો આપવામાં આવશે. આ સ્પર્ધાના નિયમો તથા સ્પર્ધાનું ફોર્મ gslka.saradarpatel@gmail.com ઈ-મેઈલ એડ્રેસ પર મેઈલ કરીને મેળવી શકાશે. આ ઉપરાંત વધુ માહિતી માટે કચેરીના ફોન નં. ૦૭૯-૨૬૪૨૫૫૬૨ પર સંપર્ક કરી શકાશે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'વર્લ્ડ હેબિટેટ ડે'ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૪

વેદ ઈન્ટરનેશનલ સ્કુલમાં 'વર્લ્ડ હેબિટેટ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. દરેક મનુષ્યને પર્યાપ્ત આશ્રય મળે અને મનુષ્ય પોતાના મૂળભૂત અધિકારોને ઓળખે તે હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થ દ્વારા બાળકોએ ઘર બનાવ્યા હતા. જેવા કે બિસ્કિટ, ક્રીમ, શાકભાજી, ફળો વગેરે ખાદ્ય પદાર્થ દ્વારા અવનવા ઘર બનાવી અને તેને ઓનલાઈન ક્લાસમાં રજૂ કર્યા હતા. દરેક બાળકોએ આ પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમયની રાહ જોઈ રહ્યું છું તે પહેલા કંઈ નહીં કરું : અલ્પેશ ઠાકોર

બીજેપી નેતા અલ્પેશ ઠાકોરનું સૂચક નિવેદન : કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોર હાલ કોઈ મહત્ત્વના પદ કે હોદ્દો પર નથી

ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી આવશે. બીજી તરફ તાજેતરમાં જ ગુજરાતમાં મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓને બદલવામાં આવ્યા છે. એ પહેલા અધિકારીઓની બદલીઓ પણ કરી દેવામાં આવી હતી. આ તમામ વાતોને ચૂંટણીને તૈયારીના ભાગરૂપે જોવામાં આવી રહી છે. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોરને હાલ કોઈ મહત્ત્વનું પદ કે હોદ્દો પર નથી. ભાજપમાં જોડાયા બાદ પછી પણ તેઓ સમાયંતરે સરકાર વિરુદ્ધ કે સૂચક નિવેદનો આપતા રહે છે. તાજેતરમાં તેમનું એક નિવેદન સામે આવ્યું છે. આ નિવેદન બાદ રાજકીય માહોલ ગરમાયો છે. બીજી તરફ આ નિવેદનને લઈને અનેક સવાલ પણ ઉઠ્યા છે. અલ્પેશ ઠાકોરે નિવેદન આપતા જણાવ્યું છે કે, તેઓ બે-બે વાર પડ્યા છે, પંરતુ ત્રીજી વાર નહીં પડે. આ સાથે જ તેમણે એવું પણ કહ્યું છે કે તેઓ યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છે. ૩૦ સેકન્ડના આ વીડિયોમાં અલ્પેશે ઠાકોર સમાજને ઘણું સમજાવી દીધું છે. બીજી તરફ આ વીડિયોને લઈને અનેક સવાલો પણ ઉઠ્યા છે. જોકે, આ સવાલોના જવાબ ફક્ત અલ્પેશ ઠાકોર જ આપી શકે છે! ૩૦ સેકન્ડના એક વીડિયોમાં ભારતીય જનતા પાર્ટીના નેતા અલ્પેશ ઠાકોર કહી રહ્યા છે કે, "દોસ્તો, મર્યા પહેલા ઈતિહાસ રચીને જવાનું છું. નબળો નથી થયો. નબળો નથી થયો. મનથી વધું મજબૂત છું, પણ સમયની રાહ જોઈ રહ્યું છું. સમય પહેલા કંઈ નહીં કરું. એકવાર પડ્યો છું. બીજીવાર પડ્યો છું. ત્રીજીવાર ન પડીશ, ન પડવા દઈશ. દોસ્તો, મારે તમને એટલું જ કહેવું છે. ભરોસો રાખજો. દિલમાં ઈમાનદારી એની એ જ છે. ખુમારી એની એ જ છે. એ લાલાસ પણ એની એ જ છે." વર્ષ ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે અલ્પેશ ઠાકોર કોંગ્રેસ પાર્ટીની ટિકિટ પરથી રાધનપુર બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. જે બાદમાં વર્ષ ૨૦૧૯માં રાજ્યસભાની ચૂંટણી બાદ અલ્પેશ ઠાકોર ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. ભારતીય જનતા પાર્ટીના તત્કાલિન પ્રમુખ જીતુભાઈ વઘાણીએ તેમને આવકાર્યા હતાં. જે બાદમાં યોજાયેલી પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ અલ્પેશ ઠાકોરને રાધનપુર બેઠક પરથી જ ટિકિટ આપી હતી. જોકે, આ ચૂંટણીમાં અલ્પેશ ઠાકોરની હાર થઈ હતી. રાધનપુર બેઠક પર કોંગ્રેસના રઘુનાથ દેસાઈએ અલ્પેશ ઠાકોરને હાર આપી હતી.

કલોલ ખાતે ગાંધીનગર જિલ્લાકક્ષાનો એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૪

રાષ્ટ્રીય એપ્રેન્ટીસ ભરતી મેળા અંતર્ગત આજરોજ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ઔધોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગરના આચાર્ય એન.એમ. પટેલે જણાવ્યું છે કે આ મેળામા ખાનગી અને અર્ધ સરકારી મળી કુલ-૩૩ કંપનીઓ સહભાગી બની હતી. વિવિધ કંપનીઓમાં ૭૬ પ્રકારની વિવિધ પોસ્ટ માટે કુલ-૩૫૦ જગ્યાઓ હતી. ઉપસ્થિત કંપનીમાં એપ્રેન્ટીસ કરવા માટે કુલ-૫૪૬ યુવક-યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી વિવિધ કંપનીઓ દ્વારા કુલ-૪૧૩ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે.

આ પ્રસંગે ચીફ ઓફિસર નિતીનભાઈ બોડાત, રોજગાર અધિકારી વી.એસ. પાંડોર, કલોલ જી.આઈ.ડી.સી.ના ચેરમેન સુભાષ ગઢવી સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાઉન્ટ - ડાઉન : નવરાત્રિ કાઉન્ટ - ડાઉન આરંભાતા યુવાનો અને બાળકો ઉત્સાહમાં આવી ગયા છે. સતત બે વર્ષ સુધી કોઈ ઉજવણી ન કરતા આ વખતે યુવાનો અને બાળકોમાં ઉજવણીનો થનગનાણ છે. કુડાસણ સ્થિત કાનમ - ૨ના બાળકો દ્વારા સુંદર ગબ્બરનું નિર્માણ આરંભાયું છે. આગામી ત્રણ દિવસમાં ગબ્બરનું નિર્માણ કરી માતાજીની આરાધના કરવાનો ભાવ બાળકો વ્યક્ત કરી રહ્યા છે.

સીબીઆઈની ઓળખ આપી લાખ પડાવનારા ચાર ઝબ્બે

શહેરના એક યુવાનને સીબીઆઈ ઓફિસર બની ડરાવી ધમકાવીને બળજબરીથી ૧ લાખ પડાવવાની ધમકી આપી હતી અને અગાઉના ગુન્હાઓ પતાવવાની વાત કરનારા નકલી ઓફિસરોને પોલીસે જેલ હવાલે કર્યા. હિંમતનગરના એક યુવાનને સીબીઆઈ ઓફીસર તરીકેની ઓળખ આપી ગુનામાં સંડોવી દેવાની ધમકી આપી ડરાવી ધમકાવીને બળજબરીથી રૂા.૧ લાખ પડાવી લેનાર ચાર યુવાનોને હિંમતનગર એ ડીવીજન પોલીસે ઝડપી લીધા હતા. નકલી સીબીઆઈ ઓફીસર તરીકેની ઓળખ આપનાર આ ચારેય શખ્સો સ્વીફટ ગાડી લઈને હિંમતનગર જીઆઈડીસીમાં આવી અગાઉના ગુનાની પતાવટ કરવા માટે રૂપિયાની માંગ કરી હતી. ફરિયાદીના ઘરે સ્વીફટ કાર લઈને ચાર શખ્સો આવ્યા હતા. ફરિયાદીના પિતાએ તેના મિત્રને ફોન કરી કહ્યુ કે, તપાસ કરવા માટે એક સ્વીફ ગાડી લઈને ચાર માણસો આવ્યા છે. પોતે સીબીઆઈ ઓફીસરો હોવાની ઓળખ આપે હતી ફરિયાદી વિરૂધ્ધ કેસની પતાવટ માટે પૈસાનો વહીવટ કરો તેવી વાત કરી હતી.

બાયડની મલ્હાર, શિવાલીક સોસાયટીના રહીશો મૃત પશુઓની તિવ્ર દુર્ગંધથી પરેશાન

''લાજવંતી'' બનવામાં ગો અને ગોફળ બધુ ગુમાવાય તેવી સ્થિતિ

બાયડ, તા. ૪

બાયડના ગાબટ રોડ ઉપરથી મલ્હાર અને શિવાલીક સોસાયટીના રહીશો મૃત પશુઓના હાડ-માંસના ઢગલામાંથી નિકળતી તિવ્ર દુર્ગંધથી પરેશાન બન્યા છે. લાખોના ખર્ચ કરી બંગલા બનાવ્યા પરંતુ રાજકીય શતરંજમાં પાસ થવા લાજવંતીનું રૂપ ધારણ કરતાં માત્ર એકાદ-બે પરિવારને ખુશ રાખવામાં અસંખ્ય લોકોનો રોષ વહોરવાની સ્થિતિ છે. તંત્ર આ મુદ્દે આક્રમકતા નહી દાખવે તો કેટલાક લોકો માટે ગો અને ગોફળ સાથે બધુ ગુમાવવું પડે તેવી સ્થિતિ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડના લાખેશ્વરી વિસ્તારમાં કબ્રસ્તાન તરફ જવાના રસ્તા ઉપર મૃત પશુઓના હાડ-માંસના ઢગલા કરવામાં આવે છે. સમી સાંજથી પરોઢ સુધી તેમાંથી બહાર આવતી તિવ્ર દુર્ગંધના કારણે શ્રીનાથજી પાર્ક, લાખેશ્વરી વિસ્તાર, મલ્હાર બંગલો, શિવાલીક સોસાયટીના રહીશો પરેશાન બની ગયા છે. અનેકને તો તિવ્ર દુર્ગંધથી સાંજે જમવા બેઠા હોય ત્યારે એકાએક ઉબકા શરૂ થઈ જાય છે. છેલ્લા ૧૦ વર્ષથી માથાના દુઃખાવારૂપ સમસ્યા હોવા છતાં તંત્ર શા માટે સફાઈ દાખવતુ નથી..!!મૃત પશુઓના કારણે એન્થ્રેસ રોગચાળો વકરવાની ઘટનાઓ ૬ વર્ષ અગાઉ ઉત્તર ગુજરાતમાં નોંધાઈ હતી. ત્યારે બાયડમાં મૃત પશુઓના કારણે ગંભીર રોગચાળો ન પ્રસરે તે માટે બાયડ પ્રાંત અધિકારી, મામલતદાર તથા ચીફ ઓફિસર દ્વારા કોઈનીય શેહ શરમમાં આવ્યા વગર પગલાં ભરવા પડશે.

મલ્હાર સોસાયટીના રહીશો ઉકેલ નહી આવે તો સરકારમાં ફરીયાદ કરશે

મલ્હાર સોસાયટીમાં રહેતા કેટલાક સરકારી કર્મચારીઓએ આક્રોશ સાથે જણાવ્યું છે કે રોજ સવાર-સાંજ દુર્ગંધ મારતાં મૃત પશુઓના હાડ-મંસથી અમો ત્રાસી ગયા છીએ. મકાન વેચવાનું વિચાર્યુ પરંતુ તિવ્ર દુર્ગંધના કારણે અનેક લોકો મકાન જોઈને ગયા પછી ફરીથી આવતા નથી. આ અંગે બાયડના તંત્રને રજૂઆતો પછી પરીણામ મળ્યુ નથી જેથી હવે નવા મુખ્યમંત્રી પાસે મોટી અપેક્ષા છે અને આ અંગે સોસાયટીના રહીશોએ સામુહીક રજૂઆત કરવાનો નિર્ણય લીધો છે.

કસ્ટડીમાં... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

આજે ફરી આ મામલે સુનાવણી થઈ છે અને આર્યન સહિત ત્રણ આરોપીઓની કોર્ટમાં રજૂઆત હતી. એનસીબીએ કોર્ટમાંથી આરોપીઓની ૧૧ ઓક્ટોબર સુધી કસ્ટડી માગી હતી પરંતુ કોર્ટે તેને સાતમી ઓક્ટોબર સુધીની એનસીબીની કસ્ટડી મંજૂર કર્યા છે. સુનાવણી દરમિયાન એ પણ સામે આવ્યુ છે કે આર્યન ખાનના ફોનમાં વાંધાજનક તસવીર મળી છે. આ સિવાય પણ એજન્સી તરફથી કેટલાક ચોંકાવનારા ખુલાસા કરવામાં આવ્યા છે.

રેવ પાર્ટી મામલે ધરપકડના એક દિવસ બાદ શાહરૂખ ખાનના દીકરા આર્યનને એનસીબીએ કસ્ટડીમાં લેવાની માગ કરી છે. એનસીબીએ પોતાના પક્ષમાં કહ્યુ છે કે જો અમે આ લોકોની કસ્ટડી ના કરીએ તો એ વાત સ્પષ્ટ થઈ શકશે નહીં કે ડ્રગ્સ કેવી રીતે તેમની પાસે પહોંચ્યુ. અમે ગઈ વખતે પણ કેટલાક લોકોને પકડ્યા હતા પરંતુ આ વખતે અલગ-અલગ લોકો છે સૌથી વધારે ચિંતા યુવાનોની છે. આ લોકોના ડ્રગ લેવાથી સમગ્ર પરિવાર અને સમાજ પ્રભાવિત થાય છે. યુવાઓ માટે આ લોકો રોલ મોડલ હોય છે જે ઘણી ચિંતાની વાત છે. આરોપીઓના રિમાન્ડની માગ કરતા એનસીબીએ કહ્યું કે આર્યનના ફોનમાં વાંધાજનક સામગ્રીની તસવીર મળી છે. ફોનમાં આંતરરાષ્ટ્રીય માદક પદાર્થોની તસવીર તરફ ઈશારો કરતા પિક્ચર ચેટ લિંકનો પણ ઉલ્લેખ છે.

ડ્રગ્સ કેસમાં આરોપી આર્યન સિવાય અરબાઝ અને મુનમુન સહિત કુલ ૮ લોકોની ધરપકડ કરાઈ છે. આમના ફોનમાંથી શંકાસ્પદ ટ્રાન્જેક્શનનો પણ ઉલ્લેખ છે. સાથે જ ડ્રગ્સ ખરીદી માટે કેટલાક કોડ નામનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આર્યન ખાન તરફથી કહેવામાં આવ્યુ છે કે હું ત્યાં એક સ્પેશ્યલ ગેસ્ટ હતો, મારા તમામ સામાન સ્કેન થઈને ગયુ હતુ. મારી પાસેથી જે પણ વાત કહેવામાં આવી છે તેનુ પંચનામુ નથી, મોબાઈલ ફોન તપાસ શરૂ થતા જ લઈ લેવામાં આવ્યો હતો.

ડેપોને...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતા મુસાફરો દુવિધાઓથી પરેશાન છે. એટલુ જ નહીં ડેપોમાં સલામત સવારીના સંચાલન માટે પણ યોગ્ય આયોજન ન થતા મુસાફરોમાં રોષ પ્રવર્તયો છે. બીજતરફ ડેપોમાં મુસાફરો વારંવાર પીક પોકેટીંગ તેમજ મોબાઈલ ચોરીનો ભોગ બની રહ્યા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. મુસાફરોના ખિસ્સામાં જાણભેદુ ગઠીયાઓ હાથફેરો કરી જાય છે. ડેપો સંકુલમાં મુસાફરો માટે પુરતી સુવિધાઓનો પણ અભાવ છે. જેના લીધે ઉનાળાની આકરી ગરમીના દિવસો તેમજ વરસતા વરસાદમાં પણ મુસાફરો માટે બસની વાટે બસ સ્ટોપ પર ઉભા રહેવાનુ મુશ્કેલ બને છે.

હાલ વરસાદી દિવસોમાં ડેપોના છતમાંથી પાણી ટપકતા મુસાફરો માટે મુંઝવણ ઉભી થઈ છે. એકબાજુ ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના અભેરાઈએ ચઢાવી દેવામાં આવી છે. બીજીતરફ છેલ્લા કેટલાક સમયથી ડેપોના રીનોવેશન માટે પણ નિગમના અધિકારીઓ દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ ડેપો સંકુલની મુલાકાતના અંતે અંદાજિત ૬૦ લાખના ખર્ચે ડેપોમાં વિવિધ કામગીરી હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. ડેપોના રીનોવેશનની કામગીરી પણ ટુંકમાં હાથ ધરવા માટે નિર્ણય લેવાયો હતો જો કે બે મહીનાના અંતે પણ હજુ ડેપોના રીનોવેશનનુ કામ શરૂ થયુ નથી. દાયકાઓના અંતે પણ ડેપો સંકુલમાં મુસાફરલક્ષી સુવિધાએ કે સલામતીના પરિબળો યોગ્ય થઈ શકયા નથી.

સ્માર્ટ સીટીમાં હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં દુવિધાઓના ઢગ ખડકાયા છે. મુસાફરોના ખિસ્સા કપાય છે. આંતરિક માર્ગો પણ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. ત્યારે મોડેલ ડેપો બનાવાની યોજના સાકાર થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ફેંસલો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજનીતિને કારણે મતદારો તેમના તરફ વધુ આકર્ષાયેલા છે. આમ આદમી પાર્ટી પણ મતદારોને આકર્ષવામાં સફળ રહી હોવાનો દાવો કરતાં કહે છે કે અમારા ઉમેદવારો લોક ઉમેદવાર છે એટલે અમને આવકારો મળશે.

જો કે આજે સવારની મતગણતરી દરમ્યાન દૂધનુ દૂધ અને પાણીનું પાણી થઈ જશે. ગાંધીનગર મનપામાં ૪૪ બેઠકો માટે ૧૬૨ ઉમેદવારો મેદાનમાં છે. ભાજપ-કોંગ્રેસના ૪૪-૪૪ તથા આપ આદમી પાર્ટીના ૪૦ ઉમેદવારો છે.

રાજકીય વર્તુળોમાં પરિણામોને લઈ અટકળો થઈ રહી છે કે અગાઉની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષોને ૪૫ ટકા કરતાં વધુ મત મળ્યા નથી અને આ વખતે આમ આદમી પાર્ટીની હાજરી આ બન્ને પક્ષના ગણિત બગાડશે. જો કે અન્ય પક્ષો પણ મેદાનમાં છે અને તેઓ તેમજ અપક્ષ ઉમેદવારો જે મત મેળવશે તે કોની જીતનું ગણિત બગાડશે તે તો પરિણામને આધારે જ નક્કી થશે.

કોંગ્રેસ પક્ષે ૨૪ કરતાં વધુ બેઠકો જીતવાનો દાવો કર્યો છે તો ભાજપે ૨૬ કરતાં વધુ બેઠકો જીતવાનો દાવો કર્યો છે.

૨૦૧૬માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસને મળેલા મતોમાં ૪૪.૭૬ ટકા મત ભાજપને મળ્યા હતા અને ૧૬ બેઠકો જીતી હતી જ્યારે કોંગ્રેસને ૪૬.૯૩ ટકા મત મળ્યા હતા અને ૧૬ બેઠકો જીતી હતી.

આ વખતે ઉમેદવારોને પ્રચાર માટે સૌથી વધુ સમય મળ્યો હતો એટલે પરિણામો પર સૌની નજર રહેલી છે.